ગાંધીનગર સમાચાર

# વિધાનસભામાં ગાળાગાળી - મારામારી

## ગૃહમાં સર્જાયા વરવા દ્રશ્યો : ભારે અરાજકતા અને અંધાધૂંધી : ગુજરાતના ઈતિહાસમાં કલંકિત ઘટના : ભાજપના મહિલા મંત્રી નિર્મલાબેનને હાથમાં ઈજા : બળદેવજી ઠાકોરને પણ ઈજા

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાતમાં વર્ષના અંતે યોજાનારી વિધાનસભાની ચૂંટણીમાં સત્તા કબ્જે કરવાની હોડ લોહિયાળ બનશે તેવા સ્પષ્ટ સંકેતો અત્યારથી જ મળવાના શરૂ થઈ ગયા છે. રાજય વિધાનસભાની બેઠકમાં આજે કોંગ્રેસ અને ભાજપના ધારાસભ્યો વચ્ચે થયેલી છુટા હાથની મારામારીમાં એક મહિલા ધારાસભ્ય સહિત ચાર ધારાસભ્યોને ઈજા થતાં રાજયની પ્રજાએ આ રાજકીય તમાશા સામે ભારે ફિટકાર વરસાવ્યો છે. ગુજરાત વિધાનસભામાં આજે સવારની સેશનમાં કોંગ્રેસના પરેશ ધાનાણી દ્વારા ગુજરાતના ખેડુતોના આપઘાતના બનાવો વધ્યા છે. તેવા આરોપ સાથે પ્રશ્નોતરી દરમ્યાન ભાજપના કૃષિ પ્રધાન ચીમનભાઈ સાપરિયા જવાબ આપી રહ્યા હતા, ત્યારે પરેશ ધાનાણી અને બળદેવજી ઠાકોર દ્વારા ચીમન સાપરિયા પાસેથી કાગળો ઝુંટવી લીધા હતા, જેના પગલે વિધાનસભા ગૃહમાં ભાજપ અને કોંગ્રેસના સભ્યો વચ્ચે છુટા હાથની મારા મારી થતા ગૃહમાં ભારે અરાજકતા અને અંધાધુધીનો માહોલ સર્જાયો હતો. આ ઘટનામાં ભાજપના મહિલા સુરક્ષા મંત્રી ડૉ.નિર્મલા વાધવાની તથા કોંગ્રેસના બલદેવ ઠાકોર સહીત ચાર ધારાસભ્યોને ઈજા થઈ હતી. સરકારે આજની ઘટનાને કલકરૂપ ગણાવી હતી. જ્યારે કોંગ્રેસ કહ્યું હતું કે, ભાજપના ધારાસભ્યોએ ગાળો આપી હતી. દરમ્યાન વિધાનસભાના અધ્યક્ષ રમણલાલ વોરાએ કોંગ્રેસના બે ધારાસભ્યો પરેશ ધાનાણી અને બળદેવજી ઠાકોરને સત્રની સમાપ્તિ સુધી સસ્પેન્ડ કર્યા હતા. ગૃહમાં ધમાલના એટલી હદે વરવા દ્રશ્યો





સર્જાયા હતા કે સ્થિતિ ખુબ જ ગંભીર વળાંક લે તે પહેલા અધ્યક્ષે ગૃહ ૧૫ મિનિટ સુધી મુલતવી રાખવાની જાહેરાત કરી હતી. વિધાનસભામાં આજે સવારે અમરેલીના ધારાસભ્ય પરેશ ધાનાણી દ્વારા પ્રશ્નોતરી દરમિયાન ખેડુતોની આત્મહત્યાના મુદ્દે સતત ૧૨ મીનીટ સુધી રજુઆત કરી હતી. અધ્યક્ષી દ્વારા વારંવાર કહેવામાં આવ્યું કે, પ્રશ્નની રજુઆત ટુંકી હોવી જોઈએ. તેમ છતાં પાંચ મીનીટને બદલે તેમણે ૧૨ મીનીટ સુધી પ્રશ્ન પુછ્યો હતો. પ્રશ્ન પુરો થયા પછી કૃષિ પ્રધાન ચીમન સાપરિયા જવાબ આપી રહ્યા હતા. તેમના હાથમાં જવાબ આપવાના કાગળો હતો, ત્યારે કોંગ્રેસના ધારાસભ્ય પરેશ ધાનાણી અને બળદેવજી ઠાકોર કૃષિપ્રધાન ચીમન સાપરિયા પર ઘસી આવ્યા અને તેમના હાથમાં રહેલા કાગળો ઝુંટવી લીધા હતા અને ચીમન સાપરિયા પર હુમલો કરવાનો પ્રયાસ કરાયો હતો. બસ ત્યાર પછી વિધાનસભાની કાર્યવાહી અટકી અને ધક્કામુકી અને મારામારી સુધી આ વાત પહોંચી હતી. વિધાનસભામાં ધક્કામુક્કીમાં

● અનુસંધાન પાના ૭ પર

# પાટનગરમાં કોંગ્રેસ દ્વારા મુખ્યમંત્રીના પૂતળા દહનમાં બે દાઝ્યા



ગાંધીનગર, તા. ૨૩

વિધાનસભા ગૃહમાં થયેલી ધમાલમાં કોંગી ધારાસભ્ય પર થયેલા હૂમલાને વખોડવા જિલ્લા કોંગ્રેસ દ્વારા આજે ઘ-૫ સર્કલ પાસે વિરોધ પ્રદર્શનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. વિરોધ કરવા પહોંચેલા કોંગી આગેવાનો કાર્યકરો અને પોલીસ વચ્ચે ઘર્ષણના દશ્યો સર્જાયા હતા. મુખ્યમંત્રીના પૂતળાનુ દહન પાટનગરમાં હાર્દસમા ઘ-૫ ખાતે કરતાં પોલીસે ૫૦ જેટલા આગેવાનો-કાર્યકરોની ટીંગાટોળી કરીને તેમને ડીટેઈન કરી લેવામાં આવ્યા હતા. પૂતળા દહન દરમ્યાન થયેલી ઝપાઝપીમાં જિલ્લા પ્રમુખ સૂર્યસિંહ ડાભી સહીત બે પ્રદર્શનકારીઓ દાઝી જવા પામ્યા હતા તેમને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા છે.

ગૃહમાં કરવામાં આવેલા હૂમલાના વિરોધમાં ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ તથા શહેર કોંગ્રેસના આગેવાનો-કાર્યકરો આજે શહેરના ઘ-૫ વિસ્તારમાં એકત્ર થયા બાદ ઘ-૫ સર્કલ પાસે મુખ્યમંત્રીના પૂતળાના દહન કરવા જઈ રહ્યા હતા તે દરમ્યાન પોલીસ સાથે ઘર્ષણ થયા બાદ ટીંગાટોળી કરીને પોલીસ વાનમાં કાર્યકરોને નાંખી ડીટેઈન કરી લેવાયા હતા. પોલીસને બેધ્યાન કરી મુખ્યમંત્રીના પૂતળાનું દહન કરી દેવાયુ હતુ. આ વખતે ઝપાઝપી થતાં એનએનયુઆઈ કાર્યકર કીરીટસિંહ દાઝી જવા પામ્યો હતો તેને બચાવવા જતા પ્રમુખ સૂર્યસિંહ ડાભી પણ હાથે દાઝી ગયા હતા. બંનેને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર માટે લઈ જવાયા હતા. જો કે કિરીટસિંહ ચહેરા તથા ગરદન અને છાતીના ભાગે વધુ દાઝ્યા હોવાથી અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે વધુ સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. તો બીજી તરફ સમી સાંજે ૫૦ અટકાયતી કાર્યકરોને પોલીસે મુક્ત કરી દીધા હતા.



## જિલ્લાના ખેડુતોને ૨૧૩૩ નવા વિજજોડાણ ૩૮ કિસ્સામાં અરજીઓ રદ

ગાંધીનગર તા ૨૪

**● બે વર્ષમાં ખેતી માટે ખેડુતોને ૨૧૩૩ નવા વિજાજોડાણ અપાયા**

જિલ્લામાં ખેતીવાડી ઉપયોગ માટે છેલ્લા બે વર્ષમાં કેટલા નવા વિજજોડાણ આપવામાં આવ્યા આ અંગે કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોર દ્વારા પુછાયેલા પ્રશ્નના ઉત્તરમાં ઉર્જા મંત્રીએ જણાંવ્યુ હતુ કે છેલ્લા બે વર્ષમાં ખેડુતોને ૨૧૩૩ નવા વિજ જોડાણ આપવામાં આવ્યા છે. જયારે આ સ્થિતિએ ખેતીવાડી માટે નવા વિજજોડાળ મેળવવા માટે સરકારને કેટલી મળી તેવા પેટા પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાંવ્યુ હતુ કે ૧૦૫૦ અરજીઓ મળી હતી. જયારે આ પૈકી ૧૨૩ વિજ જોડાણો આપવામાં આવ્યા છે. જયારે ૩૮ અરજીઓ રદ કરવામાં આવી છે. કુલ ૧૬૧ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે.



**વિધાનસભામાં ગાંધીનગર**

**- ધનંજય જોષી**

**● કુવાઓના વિજળીકરણ માટે ૩૮.૮૧ કરોડ ખર્ચાયા**

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં સામાન્ય યોજના હેઠળ કેટલા કુવાઓનુ વિજળીકરણ કરવામાં આવ્યુ જયારે આ અન્વયે કેટલો ખર્ચ થયો ? ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય અશોક પટેલના આ પ્રશ્નના ઉત્તરમાં ઉર્જા મંત્રીએ જણાંવ્યુ હતુ કે છેલ્લા બે વર્ષમાં જિલ્લામાં ૨૦૦૯ કુવાઓનુ વિજળીકરણ કરવામાં આવ્યુ છે. જયારે આ માટે રૂ ૩૮૨૧નો ખર્ચ કરવામાં આવ્યો છે.

**● હાથીમતી કેનાલની મરામતનુ કામ ડિસે. -૧૭ સુધીમાં પુર્ણ થશે**

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાની હાથીમતી કેનાલની મરામત કરવા તેમજ આગળ નવી કેનાલો લંબાવવા માટે સરકારે છેલ્લે ક્યારે મંજુરી આપી ? દહેગામના ધારાસભ્ય કામિનીબા રાઠોડે પુછેલા આ પ્રશ્નના જવાબમાં જળસંપત્તિ વિભાગના મંત્રીએ ઉત્તરમાં જણાંવ્યુ હતુ કે આ કેનાલની મરામત માટે જુલાઈ ૨૦૧૬માં મંજુરી આપવામાં આવી હતી. જયારે આગામી ડિસેમ્બર ૧૭ સુધીમાં કામ પુર્ણ કરી દેવાશે.

**● બે વર્ષમાં ૧૮૨૫ ઝુંપડાઓમાં વિજજોડાણ અપાયુ**

અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં ઝુંપડપટ્ટી વિજળીકરણ યોજના અન્વયે છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ મળી અને આ પૈકી કેટલાને વિજજોડાણ આપવામાં આવ્યા તેવા સાણંદના ધારાસભ્ય

● અનુસંધાન પાના - ૭ પર

# ઘરનોકરોની મનમાની સાંખી નહીં લેવાય, ગૃહીણીઓએ લાલ આંખ કરી

## નગરની જાગૃત બહેનોએ ઘરનોકરોને શરતોને આધિન પ્રત્યેક કામ દીઠ ૭૦૦ આપવાનુ નક્કી કર્યુ : પાંચ વર્ષ સુધી કોઈ પગાર વધારો નહીં મળે : રજામાં પણ કાપ ઉપરાંત રજા પગાર કપાશે : શરતોમાં વાસણ લુસવા સહીત કમ્પાઉન્ડની સફાઈ પણ કરવી પડશે : જાગૃત ગૃહીણીઓના નિયમોનો અન્ય બહેનો પણ અમલ કરે તેવી આશા ઘરનોકરો મનમાની કરશે તો ગૃહીણીઓ દ્વારા બહિષ્કારની ધમકી

ગાંધીનગર તા ૨૪


પગાર વધારા સાથે નતનવી માંગણીઓ કરી વારંવાર રજા પાડતા ઘરનોકરો સામે નગરની ગૃહીણીઓએ હવે લાલ આંખ કરી છે. દર ચાર છ મહીને પગાર વધારાની માંગ કરતા ઘરઘાટીઓ ઘરકામમાં પણ ચોકસાઈ દાખવતા ન હોવાની સાથે મનમાની કરતા હોવાના લીધે ત્રસ્ત બનેલી જાગૃત બહેનોએ પણ ઘરનોકરો માટે નિયમો નક્કી કર્યા છે. આ નિયમના દાયરામાં રહીને ઘરઘાટી પાસેથી કામ લેવા માટે નગરની ગૃહીણીઓને પણ અપીલ કરી તેના અમલ માટેની અપેક્ષા સેવી છે. કામ તેમજ રજાના મામલે મનસ્વી વર્તણુંક કરતા ઘરનોકરો પાસે હવે કડક હાથે કામ લેવાશે. જો ઘરઘાટી મનમાની કરવાનુ છોડશે નહી તો ગૃહીણીઓ પાછીપાની નહીં કરે પણ નોકરોનો બહીષ્કાર કરી આપબળે કામ કરી લેશે !

વારે તહેવારે બોણી અને દિવાળી બોનસ ઉપરાંત સતત પગારમાં વધારાની માંગ સાથે મનમાની કરતા ઘરઘાટીઓ સામે નગરની ગૃહીણીઓએ લાલા આંખ કરી છે. આ મામલે એકજુથ થયેલી બહેનોએ નોકરોને કેટલીક શરતોને આધિન એક કામના પ્રતિમાસ રૂ ૭૦૦ ચુકવવાનુ નક્કી કર્યુ છે. ઘરઘાટીઓની આ માંગણીને ઉચિત ઠેરવી બહેનોએ બદલામાં આગામી પાંચ વર્ષ સુધી કોઈપણ જાતનો પગાર વધારો નહીં આપવા માટે પણ નગરની ગૃહીણીઓને અપીલ કરી છે. ઘરઘાટીઓ હવે વધુ મનમાની કરશે તો નગરની ગૃહીણીઓ દ્વારા તેમનો બહિષ્કાર કરવા સુધીની પણ તૈયારી દર્શાવામાં આવી છે.

ગાંધીનગર શહેરમાં છેલ્લા કેટલાક સમયથી ઘરકામ કરતા ઘરઘાટીઓની રોજબરોજ નતનવી ડિમાન્ડ વધતી જાય છે. વારંવાર કામના પૈસા વધારી દેવામાં કોઈ પણ પ્રકારની પાછીપાની ન કરતા ઘરઘાટીઓથી નગરની મોટાભાગની ગૃહીણીઓ તોબા પોકારી ગઈ છે. જયારે માત્ર પગાર વધારો મેળવી તે મુજબનુ સામે કામ ન કરતા ઘરઘાટીઓ સામે હવે નગરની ગૃહીણીઓએ લાલ આંખ કરી છે. ઘરઘાટીઓ દ્વારા પ્રતિકામના રૂ ૭૦૦ ની માંગ કરી હતી જે આ ગૃહીણીઓએ સ્વીકારી છે . પરંતુ ઘરનોકરોની આ માંગણી ગૃહીણીઓ દ્વારા શરતોને આધિન સ્વીકારવામાં આવી છે. જેમાં વાસણ લુછવા તેમજ કચરા પોછુ કમ્પાઉન્ડમાં પણ કરવાનુ રહેશે. ઘરઘાટીઓનો રજા પગાર કાપવાનો પણ સમાવેશ કરાયો છે. આ ઉપરાંત દરેક નોકરોના ફોટો અને સરનામુ પણ મેળવી લેવા નગરની ગૃહીણીઓને જણાંવાયુ છે. વધુમાં આગામી પાંચ વર્ષ સુધી ઘરઘાટીઓને કોઈપણ પ્રકારનો પગાર વધારો નહીં આપવા માટે પણ નિર્ણય કરાયો છે.

પાંચમી માસિક પૂણ્યતિથિએ

**શ્રદ્ધાંજલિ**



॥ હર હર મહાદેવ ॥

નૈનં છિન્દન્તિ શસ્ત્રાણિ
નૈનં દહતિ પાવક : ।
ન ચૈનં ક્લેદયન્ત્યાપો ન
શોષયતિ મારૂત : ॥

**સ્વ.રમેશચંદ્ર ભુલારામ રાવલ** (ઈસનપુર મોટા)
સ્વ.તા.૨૪-૦૯-૨૦૧૬

**ગં.સ્વ.શારદાબેન રમેશચંદ્ર રાવલ**

સુમિત્રાબેન પંકજભાઈ રાવલ — પંકજભાઈ રમેશચંદ્ર રાવલ
ચારૂલતા દિલીપભાઈ રાવલ — દિલીપભાઈ રમેશચંદ્ર રાવલ
અસ્મિતા હરેશભાઈ રાવલ — હરેશ રમેશચંદ્ર રાવલ
શોભનાબેન જી. દવે — ગીરીશકુમાર એચ. દવે
અંજનાબેન એચ. વ્યાસ — હરેશકુમાર ટી.વ્યાસ

કોમલ-કેયુર-પ્રિતિ-વિવેક-(USA)-હેત-જાનકી-રિધ્ધી-ઈશિકા

# ભાજપના ૧૦ પ્રકલ્પ અને ૧૯ વિભાગોમાં જિલ્લાના ૪ આગેવાનોને સમાવાયા


ગાંધીનગર, તા. ૨૩

કેન્દ્રીય ભાજપા દ્વારા પ્રદેશ કક્ષાએ વિવિધ ૧૦ પ્રકલ્પ અને ૧૯ વિભાગોની રચના કરી તેમાં નિમણુંકો જાહેર કરવામાં આવી છે. જેમાં જિલ્લાના ચાર આગેવાનોને સમાવવામાં આવતાં જિલ્લા સંગઠનમાં ખુશીનો માહોલ છવાઈ જવા પામ્યો છે.

આજે પ્રદેશ પ્રવક્તા ભરત પંડ્યાએ આ અંગેની જાહેરાત કરતાં જણાવ્યું છે કે કાર્યાલય આધુનિકરણ પ્રકલ્પમાં પૂર્વ જિલ્લા પ્રમુખ અને પૂર્વ ગુડા ચેરમેન અશોકભાઈ ભાવસાર, નમામિ ગંગે પ્રકલ્પમાં ગાંધીનગરના પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા, આઈ.ટી., વેબસાઈટ તેમજ સોશ્યલ મિડીયા વ્યવસ્થા વિભાગમાં તરૂણભાઈ બારોટ અને વિદેશ સંપર્ક વિભાગમાં સંજીવ મહેતાની નિમણુંક કરવામાં આવી છે.

ભાજપના પ્રદેશ સ્તરે આ નેતાઓની નિમણુંક થતાં જ શહેર-જિલ્લામાં કાર્યકર્તાઓમાં ખુશીનો માહોલ છવાઈ જવા પામ્યો છે તેમજ નિમણુંક પામેલા આગેવાનો પર અભિનંદનની વર્ષા કરી હતી.

**ટચુકડી જાહેર ખબર**
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧




Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com